# મોડાસાના વોર્ડ નં-૧ માં લાખ્ખોના ખર્ચે નિર્મિત જાહેર શૌચાલય ખંડેર બનતા બિનઉપયોગી

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના વોર્ડ નં-૧ માં વિનાયક ટોકીજ નજીક નગરપાલિકાતંત્ર દ્વારા લાખ્ખો રૂપિયાના ખર્ચે જાહેર સુલભ શૌચાલય બનાવ્યા બાદ અગમ્ય કારણોસર છેલ્લા કેટલાક સમયથી તાળું મારી દેવતા આ વિસ્તારમાં રહેતી ગરીબ પ્રજા મજબૂરીવશ બહાર શૌચક્રિયા કરવા મજબુર બનવું પડે છે. વોર્ડ.નં-૧ના રહીશોએ શોભાના ગાંઠિયા સમાન બનેલ શૌચાલય લટકતા ખંભાતી તાળા ખોલી સમારકામ કરવાની માંગ સાથે શરુ કરવામાં આવેની માંગ કરી હતી.



મોડાસા નગરપાલિકાતંત્ર દ્વારા વોર્ડ નં-૧માં ભોઈ, ડબગર, રાવળ અને લઘુમતી સમાજના ગરીબીરેખાની નીચે આવતા લોકો મુખ્યત્વે વસવાટ કરે છે. આ લોકો માટે જાહેર સુલભ શૌચાલય લાખ્ખો રૂપિયા ખર્ચી નગરપાલિકાતંત્ર દ્વારા બનાવતા લોકોમાં આનંદ છવાયો હતો. થોડા સમય બાદ સુલભ શૌચાલયની યોગ્ય જાળવણી ન થતા જોતજોતામાં જાહેર શૌચાલય બિસ્માર બનતા નગરપાલિકા તંત્ર દ્વારા સમારકામ કરવાના બદલે ખંભાતી તાળું મારી દેતા લાખ્ખોના ખર્ચે બનેલ જાહેર શૌચાલય શોભાના ગાંઠિયા સમાન બનતા પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો છે અને જાહેરમાં શૌચ કરવા મજબુર બનવું પડતા મહિલાઓ અને યુવતીઓ ક્ષોભજનક સ્થિતિમાં મુકાવવું પડતું હોવાથી નગરપાલિકાતંત્ર તાત્કાલિક જાહેર સુલભ શૌચાલયને લાગેલ તાળા ખોલવાની સાથે યોગ્ય મરામત કરી પ્રજાજનોના ઉપયોગમાં લેવા લાયક બનાવવા ઉગ્ર માંગ કરી હતી.

મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે બંધ શૌચાલય અંગે વાત કરતા જણાવ્યું હતું કે ટૂંક સમયમાં જાહેર શૌચાલયમાં મરામત કરી પ્રજાજનો માટે ખુલ્લું મુકાશે. ત્યારે જોવું રહ્યું કે નગરપાલિકા તંત્ર કેટલાક સમયમાં જાહેર સુલભ શૌચાલય પ્રજાજનો માટે ઉપલબ્ધ કરાવશે તે આવનારો સમય કહેશે.

## પાલનપુર તાલુકાના સેમોદ્રા ગામે ભૂલથી ઝેર પી જતા રાજસ્થાની મહિલાનું મોત

પાલનપુર તાલુકા સેમોદ્રા ગામમાં રાજસ્થાનનો આદિવાસી પરિવાર ભાગથી ખેતી કરીને રહેતો હતો. જે પરિવારની મહિલા ભૂલથી ઝેરી દવા પી ગઇ હતી. જેનું પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, મુળ રાજસ્થાન ના શિરોહી જિલ્લાના આબુરોડ તાલુકાના મુગથલા ગામના વિરમાભાઇ હરાભાઇ ઢાંગી (આદિવાસી) તેમની પત્ની ચાવળીબેન સાથે સેમોદ્રા ગામે ડાહ્યાભાઇ ભીખાભાઇ ઈલાસરીયાના ખેતરમાં ભાગથી ખેતી કરવા રહ્યા હતા.

દરમિયાન બે દિવસ અગાઉ કોઇ અગમ્યકારણોસર ચાવળીબેન ભૂલથી ઝેરી દવા પી લીધી હતી. જેમને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.



## સુરતના દાનવીરે અંબાજી મંદિરમાં એક કીલો સોનું દાન કર્યું

અંબાજી મંદિરમાં આજે સુરતથી આવેલા માઈ ભકતે એક કીલો સોનું સુવર્ણ શિખર માટે દાન કરવામાં આવ્યું, મુળ ઊતર ગુજરાત ના વિસનગર પાસે ના ગામના માઈ ભકત હાલ સુરત ખાતે રહેછે, ૩૧ લાખ રૂપિયા ની કિંમતનુ સોનું બજાર કિંમત થાય છે, ગુપ્ત દાન કરનાર માઈ ભકતે પોતાનું નામ જાહેર કર્યું નથી. સુરતના એક માઈ ભક્ત દ્વારા અંબાજી મંદિરને એક કિલો સુવર્ણ બિસ્કિટનું દાન કરાયું. અંબાજી મંદિરની શિખર સુવર્ણ યોજના અંતર્ગત કરાયુ સુવર્ણનું દાન સુવર્ણ શિખર યોજના માટે ૬૧ ફૂટ માટે કરવાનું છે કામ હાલમાં ૫૭ ફૂટ સુધી થયું છે. સુવર્ણ મઢવાનું કામ હજુ ૪ ફૂટ સુવર્ણ જડવાનું છે કામ બાકી અત્યાર સુધી ૧૨૦ કિલો સુવર્ણનું આવ્યું છે દાન.

### પાલનપુરના ડોક્ટર હાઉસ વિસ્તારમાં

## અકસ્માતોની હારમાળા સર્જનાર ટ્રકચાલક નશાખોર નીકળ્યો

નશામાં મદમસ્ત ચાલકે કોઝી જવાને બદલે ડોકટર હાઉસ માર્ગ ઉપર ટ્રક ઘુસાડી દીધી હોવાનું બહાર આવ્યું.

પાલનપુરના ડોકટર હાઉસ વિસ્તારમાં ગતરોજ એક ટ્રક ચાલકે માર્ગની બાજુમાં પાર્ક કરેલા ૯ જેટલા વાહનો એક પછી એક અડફેટે લેતાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સદનસીબે મોટી જાનહાની ટળી જતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો. આ ઘટનામાં પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરી હતી. જોકે, તેણે દારૂના નશામાં અકસ્માતની હારમાળા સર્જી હોઇ તેની સામે પ્રોહિબિશન એકટ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર ખાતે ગુરૂનાનક ચોકથી આગળ આવેલા રેલવે બ્રીજને અડીને આવેલા ડોકટર હાઉસ માર્ગ ઉપર શનિવારે સવારે ટ્રક નં. જીજે. ૦૧.ઈટી.૩૮૧૮ના ચાલક પાલનપુર તાલુકાના નવા ભડથ (જેથી) ગામના સોમસિંહ બાલસિંહ વાઘેલાએ માર્ગની બાજુમાં પાર્ક કરેલા સ્કુટી, મોટરસાયકલ, રિક્ષા, કાર ઉપરાંત વીજથાંભલાને અડફેટે લઇ તમામ વાહનોનો કડુસલો વાળી દીધો હતો. અકસ્માતની આ ઘટનાને પગલે ભારે અફરા- તફરી મચી જવા પામી હતી.

દરમિયાન આ અંગે પોલીસ ફરિયાદી બની હતી. જેમાં પશ્ચિમ પોલીસ મથકના એએસઆઇ ગોવિંદભાઇએ ફરિયાદ નોંધાવતાં પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરી હતી. જોકે, ચાલક સોમસિંહ દારૂ પીધેલી હાલતમાં જણાઇ આવતાં તેની સામે પ્રોહિબિશન એકટની કલમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મોડાસાના સાકરીયા ગામે જાહેરમાં દારૂની મહેફિલ પર પોલીસનો દરોડો

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લામાં દારૂબંધી ફક્ત કાગળ પર જ અમલવારી હોય તેમ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. જિલ્લા પોલીસતંત્ર બુટલેગરોને નાથવામાં અને દારૂબંધીની કડક અમલવારી કરવાની જગ્યાએ હપ્તારાજ ચલાવવામાં આવી રહ્યું હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. મોડાસાના સાકરીયા ગામે બસ સ્ટેન્ડ વિસ્તારમાં દુકાન આગળ અને ખુલ્લી જગ્યા સહીત રસ્તા પરથી દારૂની ખાલી બોટલો અને બિયરના ટીન મળી આવતા ખુલ્લામાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાડી કેટલાક નબીરાઓ દારૂની મહેફિલ જમાવી ફરાર થઈ જતા ગામલોકોમાં ભારે રોષ ફેલાયો હતો.

મોડાસાથી ૫ કિ.મી. દૂર આવેલા સાકરીયા બસ સ્ટેન્ડ નજીક રવિવારની રાત્રીએ કેટલાક દારૂડિયા આવી પહોંચી બિન્દાસ બની ખુલ્લા વિસ્તાર અને બંધ દુકાન બહાર દારૂની મહેફિલની મઝા માણી દુકાન બહાર અને બાજુમાં ખુલ્લા વિસ્તારમાં અને રસ્તા પર વિદેશી દારૂની બોટલ અને બિયરના ટીન ઠેર ઠેર નાખી જતા રહેતા વહેલી સવારે દુકાન માલીક અને જાગૃત નાગરિકોમાં




ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે અને પોલીસ તંત્રની નિષ્ફળ કામગીરી સામે અને ગામના ચોરા પર ખુલ્લામાં દારૂની મહેફિલ જમાવનાર અસામાજિક તત્વો સામે ફિટકાર વરસાવી આવા નબીરાઓને ઝડપી પાડવામાં આવેની માંગ કરી હતી અને સાકરીયા ગામમાં બહારથી આવેલા નબીરાઓએ દારૂની મહેફિલ જમાવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

## અરવલ્લી જિલ્લાના ધનસુરા મોડાસા અને મેઘરજ તાલુકાના તળાવો તેમજ ચેકડેમોની પ્રભારી મંત્રીની મુલાકાત

મોડાસા,તા. ૭

અરવલ્લી જિલ્લાના ત્રણ તાલુકા ધનસુરા, મોડાસા અને મેઘરજ તાલુકાના તળાવો અને ચેકડેમોની મુલાકાત લીધી હતી. કોલવડા ખાતે મંત્રીએ ધનસુરા મોડાસા રોડ ઉપર માઝુમ માઈનોર કેનાલનું શ્રમયોગી મજૂરો દ્વારા ચેકડેમની સફાઈ કરાવીને શ્રમયોગી મજૂરોને છાસનું વિતરણ કર્યુ હતુ. ભેરંડા ખાતે ગામના સરપંચ તેમજ ગ્રામજનો સાથે ઊંડા તળાવો તેમજ ચેકડેમોની ચર્ચા કરી હતી. તળાવો, ચેકડેમો ઊંડા કરવા માટે એન.જી.ઓ.ની સંસ્થા સાથે પણ ચર્ચા કરી હતી.

માથાસુલિયા તેમજ મેઘરજ તાલુકાના પંચાલ ગામે તળાવો ઊંડા કરવા માટે ચેકડેમોની ડીસીલ્ટીંગનું કામનું નિરીક્ષણ કર્યુ હતુ. ગ્રામજનો દ્વારા તળાવો ઊંડા કરવા માટે ગ્રામજનોને રોજગારી પણ મળી રહેશે. સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતો માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ પણ અમલમાં મુકી છે. તે પણ ગ્રામજનો ધ્યાન રાખે. સિંચાઈ યોજનાથી પાણીના સ્તર ઊંચા મળશે તો ગામડના લોકો ખેતી પણ સારી કરી શકશે. સિંચાઈ યોજના દ્વારા ૨૮ ટકા ગ્રામજનોને રકમ ફાળવવામાં આવે છે અને જે વિસ્તારો ટ્રાઈબલ એરીયામાં આવે છે તેમને સરકાર દ્વારા સવા કરોડની રકમ ફાળવવામાં આવે છે. જળસંગ્રહ અભિયાન દ્વારા પાણીનો સંગ્રહ થાય તે માટે ગામડાઓના તળાવો ઊંડા કરીને તેમજ ચેકડેમોની સફાઈ, નદીમાંથી કાંપ કાઢીને પાણીનો સંગ્રહ કરી શકાય છે. કારણ કે સંગ્રહ કરાયેલુ પાણી ખેતી માટે તેમજ પીવા માટે ખુબ જ લાભદાયી થશે. સિંચાઈ જળ અભિયાન સંગ્રહમાં સરકાર એકલા હાથે કામ કરી શકે નહી તે માટે સરકારની સાથે લોકભાગીદારી દ્વારા સહભાગી થઈને જળ અભિયાન અંતર્ગત કાર્યક્રમને સફળ બનાવવા માટે અનુરોધ કર્યો હતો.

## દેવપુરા પાટિયા પાસે હિટ એન્ડ રન કેસમાં ચપ્પુ લઈને યુવકની પાછળ પડેલા શખ્સો સામે ફરિયાદ

પાલનપુર-ડીસા હાઈવે ઉપર દેવપુરાના પાટીયા પાસે શનિવારે સાંજે થયેલા ઝગડામાં જીવ બચાવવા દોડેલા યુવકનું હાઈવે ઉપર ઈનોવાની અડફેટે મોત નિપજયું હતું. દરમિયાન હાઈવેની પેલીપાર શોરબકોરનો વિડિઓ ઉતારી રહેલા અન્ય યુવકના મોબાઈલમાં લાઈવ અકસ્માતની ઘટના કેદ થઈ ગઈ હતી. હિટ એન્ડ રનની આ ઘટનામાં ચપ્પુ લઈને યુવકની પાછળ પડનારા શખ્સો સામે મૃતકના પરિવારજનો એ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. આ ઉપરાંત યુવકને ટક્કર મારી નાસી ગયેલા ઈનોવા ચાલક સામે પણ પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર - ડીસા હાઈવે ઉપર દેવપુરાના પાટિયા પાસે શનિવારે સાંજે હાઈવેની બાજુમાં આવેલી ફેકટરીમાં થયેલા ઝઘડામાં પાલનપુર તાલુકાના પારપડા ગામના રાજુજી હિરજીજી ડામેચા પોતાનો જીવ બચાવવા દોડીને હાઈવે ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પુરઝડપે આવી રહેલી ઈનોવાની અડફેટે આવી ગયા હતા.

## અમીરગઢના પાદણી ગામના લોકો પરના હૂમલાખોરોને ઝડપી લેવા માંગ

### ધારાસભ્ય સહિત આદિવાસી અગ્રણીઓએ કલેક્ટર કચેરીએ રજૂઆત કરી

### ડાભેલા ગામમાં હૂમલો કરનારા શખ્સો સામે ફરિયાદ નોંધાઇ

અમીરગઢના પાદણી ગામના લોકો મામેરૂ લઈ જતા હતા. દરમ્યાન શનિવારે રાત્રે તેમની ઉપર કેટલાક શખ્સોએ હૂમલો કર્યો હતો. જેમાં ૫ જેટલા લોકો ઘાયલ થાય હતા. હુમલાના પગલે આદિવાસી લોકો મધ્ય રાત્રીએ અમીરગઢ પોલીસ સ્ટેશન પહોંચી વિરોધ નોંધાવ્યો હતો. જયારે રવિવારે પાલનપુર કલેકટર કચેરી ખાતે આવી આરોપીઓને સત્વરે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી હતી.

અમીરગઢ તાલુકાના પાદણી ગામેથી શનિવારે રાત્રે મામેરૂ લઈ જતા આદિવાસી લોકોના વાહન પર ડાભેલા ગામ નજીક પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ઘટનાના પગલે ડરી ગયેલા આદિવાસી લોકો અમીરગઢ પોલીસ મથકે પોહચ્યા હતા. અને પોલીસ મથકે કુલ ૧૯ લોકો સામે ફરિયાદ દાખલ કરી છે. જયારે ૧૨ જેટલા અજાણ્યા ઈસમો સામે પણ ફરિયાદ દાખલ થઈ છે. આ અંગે પોલીસે એટ્રોસીટી, મારામારી, લુંટ જેવી એક્ટ મુજબ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથધરી છે.

દરમિયાન હૂમલાનો ભોગ બનેલા આદિવાસી લોકો રવિવારે દાંતા ધારાસભ્ય કાંતિભાઈ ખરાડીની આગેવાનીમાં પાલનપુર ખાતે કલેકટર કચેરી આવ્યા હતા. આ અંગે અગ્રણી શંકરભાઈ માણસાએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી લોકો ઉપર હૂમલાની ઘટનાઓ વધી રહી છે. શનિવારે રાત્રે ડાભેલાના શખ્સો દ્વારા કરાયેલા હૂમલામાં પોલીસમથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે લોકોને સત્વરે ઝડપી લેવામાં આવે તેવી અમારી માંગ છે.


### કંપની સમાચાર

## આઈએસએચ ઈન્ટરનેશનલ રજુ કરે છે ફૂલસેનસ - પેઈન નમબિંગ એપલીકેટર

જે લોકોને વારંવાર ઈન્સ્યુલિનના ઈન્જેક્શનની જરૂર હોય, બાળકો જેઓ ઈનોક્યુલેશન્સની બેટરીમાં જાય છે અથવા ડ્રોપ્સ પર હોય છે. તે એક સામાન્ય ભય છે, જે ટ્રીએનો ફોબિયા તરીકે ઓળખાય છે. ભારતની વસ્તીના લગભગ ૧૦ ટકા લોકો તેના ડરથી પીડાય છે. ઈન્જેક્શન માટે ડોક્ટરો પાસે જવાના વિચારથી ડરાવવાની ઊંડી સમજણનો સમાવેશ થાય છે. ઘણા ડૉક્ટરોની શસ્ત્રક્રિયાને એક સાથે ટાળે છે, પોતાની જાતને વિવિધ બીમારીઓ અને ચેપના જોખમ માટે ખુલ્લા રાખે છે. પરંતુ સોયની ડરાવનાર માટે, સંશોધકોની ટીમ પાસે જવાબ છે. તેઓ ઈન્જેક્શનની પીડાને સરળ બનાવવા માટે, એક નવું ઉપકરણ વિકસાવ્યુ છે.

દર્દીના ચામડીને ઠંડો કરવા માટે ઝડપી રાસાયણિક પ્રતિક્રિયા ઉત્પન્ન કરીને તેમના શોધને જાબ પહેલાની ચામડીનો અંશ મળે છે.

દાયકાઓ સુધી, રેખાંકનનું નિરૂપણ થવું એ હેલ્થકેર પ્રોફેશનલ છે જે લાંબા સમય સુધી એક સોયમાં સોયને દાખલ કરે છે અથવા આંગળીનામાં લાન્સ રહિ જાય છે - જે બંને કઠોર અને પીડાદાયક છે.


## મગફળી ખાખ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ગોડાઉનના માલિક નરેન્દ્ર પટેલને શાપર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા છે અને સઘન પૂછપરછ શરૂ કરાઈ છે.

આ આગમાં અત્યાર સુધીમાં ૪૩ હજારથી વધુ મગફળીની બોરીઓ બળીને ખાખ થઈ ગઈ છે. જ્યારે ૨૫થી ૩૦ હજાર બોરીઓ બચાવી લેવામાં આવી છે. છેલ્લા ૧૨ કલાકથી આ આગ યથાવત્ હતી. મહત્વનું છે કે છેલ્લા ૭ મહિનામાં આ ત્રીજી આગની ઘટના બની છે. જેને લઈને રૂપાણી સરકાર પર પણ અનેક સવાલો ઉભા થઈ રહી છે. કારણ કે અગાઉ જે ઘટના બની હતી તે ઘટનાની કાર્યવાહી પણ હજુ સુધી પૂર્ણ નથી થઈ. ત્યારે આ ત્રીજી ઘટના બનતા રૂપાણી સરકાર પર અનેક સવાલો થઈ રહ્યાં છે.

જો કે સમગ્ર ઘટનાની જાણ થતા કલેક્ટર ગુપ્તા અને એસપી અંતરિપ સુદ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને સમગ્ર ઘટનાનો ચિતાર મેળવ્યો હતો. હાલ આગ ઉપર કાબુ મેળવવા રાજકોટ, ગોંડલ અને જેતપુરથી આઠ ફાયર ફાઈટર દોડાવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ પહેલા ૧૩ માર્ચના રોજ રાજકોટના માર્કેટીંગ યાર્ડમાં ભીષણ આગ ભભૂકી હતી. જેમાં બારદાનનો વિપુલ જથ્થો બળીને ખાક થયો હતો.

આગને કાબૂમાં લેવા માટે ૧૫ જેટલા ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચ્યા હતા. આ ઉપરાંત ગોંડલના ઉમરાળા રોડ પાસે જીનિંગ મિલમાં વેરહાઉસમાં રાખવામાં આવેલ ટેકાના ભાવથી ખરીદ કરાયેલ મગફળીના જથ્થામાં આગ ભભૂકી હતી. આ આગમાં બે લાખ બોરી મગફળી બળીને ખાખ થઈ હતી. અને ૧૮ કલાકની મહામહેનત બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવ્યો હતો.

ઘટના અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીનું સતલાસણામા નિવેદન આપતા કહ્યું કે આગ બુઝાઈ ગઈ છે. આગમાં ૩૦ હજાર બોરી બચાવી લીધી છે તેની તપાસ કલેકટર અને ડીએસપી દ્વારા કરવામાં આવી રહી છે. આ સાથે તેમણે કહ્યું કે તેની ગંભીર નોંધ લઈને ચોક્કસ પગલાં લેવામાં આવશે. રાજકોટ જિલ્લામાં આ બીજી વખત આગ લાગી છે.

શાપર વેરાવળ ખાતે નેશનલ કોટેકસ નામના આ ગોડાઉનની માલિકી નરેન્દ્રભાઈ પરસાણિયાની હોવાનુ કહેવાય છે. અહી કુલ આઠ ગોડાઉન છે અને એક ગોડાઉનમાંથી બીજા ગોડાઉનમાં જઈ શકાય એવી રીતના લગોલગ આવેલા છે. એ પૈકીના ચાર ગોડાઉનમાં આગ પ્રસરી ગઈ હતી. આ ગોડાઉનમાં કુલ ૪૦ હજાર ગુણીઓનો સંગ્રહ છે. ગોડાઉનમાં ૨૧૦૦૦ ચોરસ ફુટની સંગ્રહ શકિત છે. આ આગ બાબતે ગોડાઉનના માલિકે જવાબદારીમાંથી હાથ ખંખેરી નાંખ્યા છે એ કહે છે કે બધી જવાબદારી અધિકારીઓની ગણાય અમે માત્ર જગ્યા જ ભાડે આપી છે. રખરખાવની કોઈ જવાબદારી અમારી નથી. આ ગોડાઉનમાં લાઈટ કનેકશન નથી. છતા આગ કેમ લાગી કે લગાડવામાં આવી એ સવાલ થાય છે.

ઉલ્લેખનીય છે કે ગોંડલના મગફળીના ગોડાઉનમાં લાગેલી આગે એટલું બધું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, કે તેને હોલવવા માટે પાંચ દિવસ લાગ્યા હતા. આખા ગોંડલને ૧૦ દિવસ સુધી ચાલી રહે તેટલું પાણી આ આગ હોલવવા માટે વપરાયું હતું. આ આગમાં ૨ લાખ મગફળીની ગુણીઓ બળીને ખાખ થઈ ગઈ હતી, જેના બાદ હોબાળો થતા સરકારે તપાસના આદેશ આપ્યા હતા.

રાજ્યમાં ગુજકોટ(ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ કોટન ફેડરેશન લિમિટેડ) અને નાફેડ (નેશનલ એગ્રિકલ્ચરલ કોપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિ.)ના ગોડાઉનોમાં વારંવાર લાગતી આગ પાછળ કોઈ ષડયંત્ર હોવાનું ખુદ સરકારે કહ્યું છે. આ અંગે મીડિયા સાથે વાતચીત કરતા રાજ્યના કૃષી મંત્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે, 'તાજેતરમાં શાપર ખાતે મગફળીના ગોડાઉનમાં લાગેલી આગને કારણે રૂપિયા ત્રણ કરોડ જેટલું નુકસાન થયું છે. વારંવાર આગ લાગવા પાછળ કોઈ કાવતરું હોવાની ગંધ આવી રહી છે. કોઈ તત્વો આવું કૃત્ય કરીને સરકારને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે.' ફળદુએ વધુમાં જણાવ્યું હતું કે તેઓ મગફળીના ગોડાઉનમાં આગ લાગવા બાબતે મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે વાતચીત કરશે, તેમજ આ મામલે ઉચ્ચ કક્ષાની તપાસ કરવામાં આવશે.

## કમર તોડી નાખી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લગાવીને ફરાર થઈ ચુકેલા હિરા કારોબારી નિરવ મોદીને લઈને મનમોહનસિંહે કહ્યું હતું કે, જ્યાં સુધી નિરવ મોદીની વાત છે. ચોક્કસપણે કહી શકાય છે કે, ૨૦૧૫-૧૬માં તે ડિલ કરી રહ્યો હતો પરંતુ મોદી સરકારે કંઈ પણ કર્યું નથી. મનમોહનસિંહે કહ્યું હતું કે, જ્યારે મોદી દાવોસમાં હતા ત્યારે નિરવ મોદી કંપની પણ તેમની સાથે હતી. કેટલાક દિવસ બાદ જ તે દેશ છોડીને ફરાર થયો હતો. આ બાબત સંકેત આપે છે કે, મોદી સરકારે કયા પ્રકારનું કામ કર્યું છે. મનમોહનસિંહે નોટબંધી અને જીએસટી લાગૂ કરવાને લઈને પણ પ્રહાર કર્યા હતા. મોદી સરકારે ખોટીરીતે આ બંને નિર્ણયોને અમલી કર્યા હતા. ખોટી રીતે અમલી કરવામાં આવેલા જીએસટી અને નોટબંધીને ટાળવાની તક હતી. આ નિર્ણયોના લીધે અર્થતંત્રને ભારે નુકસાન થયું છે. નાના અને મધ્યમ ઉદ્યોગોને સૌથી વધારે નુકસાન થયું છે. હજારો લોકોને પોતાની નોકરી ગુમાવી પડી છે. મોદી સરકારના ખરાબ આર્થિક આયોજન અને મેનેજમેન્ટના લીધે ધીમે ધીમે બેંકિંગ સિસ્ટમ પરથી લોકોનો વિશ્વાસ ઉઠી રહ્યો છે.

કર્ણાટકમાં મનમોહનસિંહે પ્રથમ વખત પત્રકાર પરિષદ યોજીને મોદી સરકાર અને ભાજપ ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારે કર્ણાટકમાં ખુબ સારી કામગીરી અદા કરી રહી છે. બીજી બાજુ ભાજપ દ્વારા લોકોને ગેરમાર્ગે દોરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે.

## બહુમતિ નહીં મળે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કહેવા મુજબ સિદ્ધારમૈયાએ સારુ કામ કર્યું છે જ્યારે ભાજપ સૌથી ભ્રષ્ટ પાર્ટી તરીકે છે. એબીપી ન્યુઝ સર્વે મુજબ ૩૮ ટકા વોટની સાથે કોંગ્રેસને ૯૨થી ૧૦૨ સીટો મળી શકે છે. ભાજપને ૩૩ ટકા વોટ સાથે ૮૦-૮૯ સીટો મળી શકે છે. સર્વે મુજબ જેડીએસની ભૂમિકા આ વખતે કિંગમેકર તરીકેની રહેશે. તેને ૩૨-૪૨ સીટો મળી શકે છે. આ મત હિસ્સેદારીમાં પણ કોંગ્રેસ હજુ ભાજપ કરતા આગળ છે. કર્ણાટકમાં વિધાનસભાની ૨૨૪ સીટો છે. કોઈપણ પાર્ટીને સરકાર બનાવવા માટે ૧૧૩ સીટોની જરૂર પડે છે. જો ભાજપની ૮૪ અને જેડીએસની ૩૭ સીટોને ગણવામાં આવે તો ભાજપની રાજ્યમાં સરકાર બની શકે છે. આવી જ રીતે કોંગ્રેસની ૯૭ સીટોમાં જેડીએસની ૩૭ સીટોને જોડવામાં આવે તો કોંગ્રેસ પાર્ટી સત્તામાં વાપસી કરી શકે છે. સર્વેમાં મોટાભાગના લોકોનું કહેવું છે કે, વડાપ્રધાન મોદીનું કામ ખુબ સારુ રહ્યું છે. ૬૮ ટકા લોકો મોદીના કામથી સંતુષ્ટ છે. ૭૨ ટકા લોકોએ સિદ્ધરમૈયાના કામની પ્રશંસા કરી છે.

## પતંગ ફાટતી નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રગટાવીને પ્યારા દોસ્તને ભાવભીની અંજલી અર્પી હતી. લઘુબંધુ સન્ની મેરજાએ પ્રશાંતના સ્મરણોની ટુંકી ફિલ્મ રજુ કરતા શ્રોતાઓની આંખો પણ ભીંજાઈ ગઈ હતી. યુવા લેખક ડો. જયેશ વાછાણીએ અલગ અંદાજમાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચાર્મી રાજ પટેલ, રિન્કુ સન્ની મેરજા, પાયલ અને જય મેરજા એ મહેમાનોને બુકે અને મોમેન્ટો આપી સ્વાગત કર્યું હતું. કુ. આત્મજા વાછાણીએ પ્રાર્થનામાં હનુમાન ચાલીસાનું નૃત્ય રજુ કરી સૌની વાહવાહ મેળવી હતી. અધિક કલેકટર રમેશ મેરજા તથા ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ કાર્યક્રમમાં આવેલા ગણમાન્ય સાહિત્ય રસિકોલને ઉમળકાભેર આવકાર્યા હતા અને સૌનો આભાર માન્યો હતો.

## મોતનું સરોવર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની ગયેલા આ પીકનીક સ્પોટ ઉપર ન્હાવા પડવા માટે ચોકકસ ગાઈડલાઈન તૈયાર કરવાની તાતી જરુર છે તે ઉપરાંત સિક્યુરીટી ગાર્ડ સહિત આ વિસ્તારમાં કેટલાક 'લાઈફ ગાર્ડ'ને મુકવા પણ જરુરી બન્યા છે. 'લાઈફ ગાર્ડ' કોઈ ડુબ્યુ હોય તો તરત તે સ્થળે જઈને બહાર કાઢી લે તો સમયસર બહાર કાઢી દેવાના કિસ્સામાં તેનો જીવ બચી શકે..! જે રીતે આ સ્પોટ ઉપર મેળા જેવી ભીડ જામી રહી છે તે જોતા ત્વરીત કોઈ નિર્ણય લેવાય તો કદાચ તે આશીર્વાદરૂપ સાબિત થશે.

મળતી માહિતી મુજબ આજે પણ સંત સરોવરમાં ન્હાવા પડેલા બે યુવાનો ડુબી ગયા છે. સમી સાંજે ભારે ભીડ વચ્ચે યુવા મિત્રોનું ટોળુ ન્હાવા આવ્યું હતું. તેટલામાં બે યુવાન મિત્રો અચાનક સંત સરોવરમાં ન્હાતા ન્હાતા ગરકાવ થઈ ગયા હતા. આ ઘટના અંગે જાણ થતા ઈન્ફોસીટી પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. મોડી સાંજ સુધી સંત સરોવરના પાણીમાં ફાયરબ્રિગેડની ટીમ દ્વારા ડુબેલા બે યુવાનોની શોધખોળ કરવામાં આવી પરંતુ બંનેમાંથી એકેયના સગડ મળ્યા ન હતા. મોડી સાંજ સુધી શોધખોળ ચાલી રહી હતી. ડુબેલા યુવાનો કોણ હતા તે પણ જાણી શકાયું ન હતું.

## સમયસર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છતાં જળસંચયનુ કાર્ય થયુ જ નથી. ચેકડેમ અને બંધારાનુ કામ ધીમુ પડી ગયુ. હવે જ્યારે નર્મદાનુ પાણી ખુટ્યુ છે ત્યારે સરકાર જળ સંચય અભિયાનના નામે કરોડો ખર્ચવા જઈ રહી છે. ચેકડેમો-બંધારા બનાવવા, તળાવો ઊંડા કરવા જેવા જળસંચયના કાર્યો પાછળ વર્ષોથી બજેટ ફાળવવામાં આવે છે પરંતુ સરકારી અધિકારીઓ, રાજકારણીઓ અને તેમના મળતીયાઓ તળાવો ઊંડા કરવાના બદલે પૈસા ઘર ભેગા જ કરે છે. જો સરકારે પહેલાથી જ આ બાબતે ધ્યાન દોર્યુ હોત અને નિષ્ણાતોની સલાહ લીધી હોત તો જળસંચય અભિયાન શરૂ કરવાની જરૂરીયાત જ ઉભી ન થાત.